Exchange Offer Rs. 4999/-
Glass Warranty 5 Years
Sunflame
PARMANAND STEEL CENTER
Opp. Khadi Bhandar, Ranjit Road, Jamnagar - 361001.
M. 94846 06565

RNI Regd. No. 38399/62
Postal Regd. No. Jam/GJN/18/2022-2025
At Posted Jamnagar gty. 361001

www.nobat.com

જામનગર-દેવભૂમિ દ્વારકા
જિલ્લાનું સર્વ પ્રથમ સાંધ્ય દૈનિક

Page 8 Price : ₹ 3.50

નોબત

Happy Republic Day

NOBAT (GUJARATI EVENING DAILY) PRINTED AT JAMNAGAR (GUJARAT).
25 JANUARY 2025, SATURDAY • Vol. No. 68 • PRICE ₹ 3.50 • ISSUE No. 216

નિલેષ લલિતચંદ્ર વ્યાસ
ગોલ્ડ મેડાલીસ્ટ B.Com., L.L.B.
જ્યોતિષ શિરોમણી
દર અમાસે શિવાલયમાં કાલસર્પ યોગ શાંતિ
નવ ગ્રહના રીયલ રત્નો
સચોટ કોમ્પ્યુટર જન્માક્ષર
વ્યાપારમાં વૃધ્ધી
સચોટ મેળાપક
લક્ષ્મી પ્રાપ્તી
વૈદિક કર્મકાંડ વાસ્તુ શાસ્ત્ર
શ્રેષ્ઠ આરોગ્ય
ભાર્ગવ જ્યોતિષ કાર્યાલય
૧૦૧-ચૈતન્ય કોમ્પ્લેક્ષ, આર્ય સમાજ સ્કૂલ સામે, જામનગર
PH. 2663 108, Mob: 9426471 108, 99242 28528
www.bhargavjyotishkaryalay.in

■ Founder Editor: Late Ratilal Madhvani ■ Editor, Printer Publisher: Pradip Madhvani ◆ Owner: Madhvani Prakashan (Nobat) ◆ Printing at: Nobat Press, Nobat Bhavan, Pancheshwar Tower Road, Jamnagar ◆ Phone: 2670924/2555924 ◆ Fax: 2553752

અદાલતે અપરાધીની રિવ્યૂ પિટિશન પણ ફગાવી દેતા ભારતની મોટી જીતઃ

અમેરિકાની સુપ્રિમ કોર્ટે મુંબઈ હુમલાના દોષિત તહવ્વુર રાણાના ભારતને પ્રત્યાર્પણને આપી મંજુરી

વોશિંગ્ટન તા. ૨૫: મુંબઈ હુમલાના દોષિત તહવ્વુર રાણાના પ્રત્યાર્પણને અમેરિકન સુપ્રિમ કોર્ટની મંજુરી મળી જતા ભારતનો ડિપ્લોમેટિક તથા કાનૂની વિજય થયો છે, જે એક મોટી સફળતા છે.

અમેરિકન સુપ્રિમ કોર્ટે મુંબઈ હુમલાના દોષિત તહવ્વુર રાણાને ભારતને સોંપી દેવા મંજુરી આપી દીધી છે. આ ભારતની એક મોટી જીત છે. કોર્ટે આ મામલે દોષિત જાહેર કરવા સામે કરાયેલી રિવ્યુ પિટિશન પણ ફગાવી દીધી હતી. ભારત અનેક વર્ષોથી પાકિસ્તાની મૂળના કેનેડિયન નાગરિક તહવ્વુર રાણાના પ્રત્યાર્પણની માગ કરી રહ્યું હતું. તે ૨૦૦૮ ના મુંબઈ આતંકી હુમલા મામલે દોષિત છે.

ઉલ્લેખનિય છે કે ૨૬ નવેમ્બર ૨૦૦૮ ના મુંબઈમાં થયેલા શ્રેણીબદ્ધ આતંકવાદી હુમલામાં તેની સંડોવણી હતી. તહવ્વુર રાણા પાકિસ્તાની મૂળનો કેનેડિયન બિઝનેસમેન છે. મુંબઈ પોલીસે ૨૬/૧૧ ના આતંકવાદી હુમલાના સંબંધમાં પોતાની ચાર્જશીટમાં તહવ્વુર રાણાનું નામ સામેલ કર્યું હતું. તેના પર પાકિસ્તાનની ગુપ્તચર સંસ્થા ઈન્ટર-સર્વિસીસ ઈન્ટેલિજન્સ અને આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબાના સક્રિય સભ્ય તરીકે કામ કરવાનો આરોપ છે. ચાર્જશીટમાં રાણા પર ૨૬/૧૧ આતંકી હુમલાના માસ્ટરમાઈન્ડ ડેવિડ કોલમેન હેડલીને મદદ કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો.

તહવ્વુર રાણાએ મુંબઈમાં જે સ્થળોએ હુમલા કરવાના હતાં તેની રેકી કરી હતી અને બ્લુ પ્રિન્ટ તૈયાર કરીને તેને પાકિસ્તાની આતંકવાદીઓને સોંપી હતી. તહવ્વુર રાણા ડેવિડ કોલમેન હેડલી ઉર્ફે દાઉદ સઈદ ગિલાનીનો બાળપણનો મિત્ર છે. હેડલી અમેરિકન નાગરિક છે. તેની માતા અમેરિકન હતી અને પિતા પાકિસ્તાની હતાં.

અમેરિકી અધિકારીઓએ ઓક્ટોબર ૨૦૦૯ માં શિકાગોથી તેની ધરપકડ કરી હતી. ૨૪ જાન્યુઆરી ૨૦૧૩ ના હેડલીને મુંબઈ હુમલામાં સંડોવણી બદલ દોષિત ઠેરવ્યા પછી અમેરિકાની કોર્ટે તેને ૩૫ વર્ષની જેલની સજા ફટકારી હતી. તહવ્વુર રાણાએ પાકિસ્તાનની હસન અબ્દાલ કેડેટ સ્કૂલમાં અભ્યાસ કર્યો હતો, જ્યાં હેડલીએ અમેરિકા શિફ્ટ થતા પહેલા ૫ વર્ષ સુધી અભ્યાસ કર્યો હતો. પાકિસ્તાની સેનામાં ડોક્ટર તરીકે કામ કર્યા પછી તહવ્વુર રાણા કેનેડામાં શિફ્ટ થયો હતો. થોડા વર્ષો પછી તેને કેનેડિયન નાગરિકતા મેળવી હતી.

તેણે શિકાગોમાં 'ફર્સ્ટ વર્લ્ડ ઈમિગ્રેશન સર્વિસિસ' નામની કન્સલ્ટન્સી ફર્મની સ્થાપના કરી હતી. જેની એક શાખા મુંબઈમાં પણ હતી. રાણાએ ૨૬ નવેમ્બર ૨૦૦૮ ના પાકિસ્તાની આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબાના આતંકી હુમલામાં મુંબઈના સ્થળોની રેકી કરવા માટે હેડલીની મદદ કરી હી.

ઉલ્લેખનિય છે કે તા. ૨૬ નવેમ્બરના લશ્કર-એ-તૈયબાના ૧૦ આતંકવાદીઓ મોટી માત્રામાં દારૂગોળો અને શસ્ત્રો લઈને મુંબઈમાં દરિયાઈ માર્ગે પ્રવેશ્યા હતાં. તેઓએ મુંબઈમાં ૯ જગ્યાએ બોમ્બ વિસ્ફોટ કર્યા હતાં. છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ, ઓબેરોય ટ્રાઈડન્ટ હોટલ, તાજ હોટલ, લિયોપોલ્ડ કાફે, કામા હોસ્પિટલ, નરીમન હાઉસ, મેટ્રો સિનેમા, ટાઈમ્સ ઓફ ઈન્ડિયા બિલ્ડીંગ અને સેન્ટ્રોવિયર્સ કોલેજની પાછળની ગલી મુંબઈના પોર્ટ વિસ્તાર મઝગાંવ અને વિલે પાર્લેમાં પણ ટેક્સીમાં વિસ્ફોટ થયો હતો. ૨૮ નવેમ્બરની સવાર સુધીમાં મુંબઈ પોલીસ અને સુરક્ષા દળોએ તાજ હોટલ સિવાય તમામ સ્થળોને સુરક્ષિત કરી લીધા હતાં. તાજ હોટલમાં છૂપાયેલા આતંકવાદીઓનો સફાયો કરવા માટે નેશનલ સિક્યુરિટી ગાર્ડસની મદદ લેવી પડી હતી. એનએસજીએ ૨૯ નવેમ્બરના 'ઓપરેશન બ્લેક ટોર્નેડો' શરૂ કર્યું, જે તાજ હોટેલમાં છેલ્લા બાકી રહેલા હુમલાખોરોના મૃત્યુ સાથે સમાપ્ત થયું હતું. આ સાથે મુંબઈમાં ૭૨ કલાકના આતંકવાદી હુમલાનો અંત આવ્યો હતો. આ આતંકી હુમલામાં ૬ અમેરિકન નાગરિકો સહિત કુલ ૧૬૬ લોકોના મોત થયા હતાં અને ૩૦૦ થી વધુ લોકો ઘાયલ થયા હતાં.

તે પછી ઓક્ટોબર ૨૦૦૯ માં શિકાગોના ઓ'હાર એરપોર્ટ પર ડેવિડ કોલમેન હેડલીની ધરપકડ પછી તહવ્વુર રાણાની પણ અમેરિકાની પોલીસે ધરપકડ કરી હતી. ૨૦૧૧ માં તેને શિકાગોની કોર્ટ દ્વારા મુંબઈ હુમલા માટે લશ્કર-એ-તૈયબાને લોજિસ્ટિક્સ સહાય પૂરી પાડવા અને જિલ્લેન્ડ્સ-પોસ્ટેન નામના ડેનિશ અખબારની ઓફિસ પર હુમલાની યોજના બનાવવા બદલ દોષિત ઠેરવ્યો હતો.

જિલેન્ડ્સ-પોસ્ટેન અખબાર ૨૦૦૫ માં પયગમ્બર સાહેબનું કાર્ટૂન પ્રકાશિત કરીને વિવાદમાં આવ્યું હતું. ડેવિડ કોલમેન હેડલીએ તેના કેસની સુનાવણી દરમિયાન કોર્ટને કહ્યું હતું કે, જુલાઈ ૨૦૦૬ માં તે તહવ્વુર રાણાને મળવા શિકાગો ગયો હતો. પછી રાણાએ તેને મુંબઈ મિશન વિશે જણાવ્યું હતું. તહવ્વુર રાણાએ ડેવિડ કોલમેન હેડલીની મદદથી મુંબઈમાં તેની ફર્મ 'ફર્સ્ટ વર્લ્ડ ઈમિગ્રેશન સર્વિસ'ની શાખા સ્થાપી હતી.

તેણે હેડલીને ૫ વર્ષ માટે ભારતમાં બિઝનેસ વિઝા મેળવવામાં મદદ કરી હતી. ત્યારપછી હેડલીએ મુંબઈના તે સ્થળોની તપાસ કરાવી જ્યાં લશ્કરા આતંકવાદીઓએ ૨૬ નવેમ્બર ૨૦૦૮ ના હુમલો કર્યો હતો. ૨૦૧૧ માં એનઆઈએ એ મુંબઈ ૨૬/૧૧ ના આતંકી હુમલાની યોજના બનાવવા અને તેને અંજામ આપવા બદલ તહવ્વુર રાણા સહિત નવ લોકો સામે ચાર્જશીટ દાખલ કરી હતી. ૨૦૧૪ માં દિલ્હીની સેશન્સ કોર્ટે આરોપીઓ સામે બિન-જામીનપાત્ર વોરંટ જારી કર્યા હતાં, જેમને એનઆઈએ એ તેની ચાર્જશીટમાં ફરાર તરીકે દર્શાવ્યા હતાં.

નાગરિક ધર્મ-રાજધર્મ અને આધ્યાત્મ ધર્મનો ત્રિવેણી સંગમ, સારે જહાँ સે અચ્છા, હિન્દુસ્તાં હમારા...

આવતીકાલે પ્રજાસત્તાક પર્વ છે, અને આઝાદીના ૭૫ વર્ષ પૂરાં થતા ઉજવાઈ રહેલા અમૃત મહોત્સવના ગૌરવ સાથે આપણા દેશમાં જાણે નાગરિક ધર્મ, રાજધર્મ અને આધ્યાત્મ ધર્મ અથવા એમ પણ કહી શકાય કે, કર્તવ્ય, ભક્તિ અને દેશભક્તિનો ત્રિવેણી સંગમ સર્જાયો છે.

વર્ષ-૧૯૫૦ ની ૨૬મી જાન્યુઆરીના દિવસે આપણો દેશ પ્રજાસત્તાક બન્યો..., અને પ્રજાએ ચૂંટેલા પ્રતિનિધિઓએ લોકો માટે, લોકો દ્વારા અને લોકોનું શાસન સંભાળી લીધુ અને રાજધર્મનું પાલન કર્યું. રાજધર્મ એટલે કોઈપણ ભેદભાવ વગર દેશ અને દેશવાસીઓ માટે પૂરેપૂરી કર્તવ્યનિષ્ઠા અને પ્રામાણિકતાથી શાસન ચલાવવું, એવો સાર પણ કાઢી શકાય.

પ્રયાગરાજમાં દર ૧૪૪ વર્ષે આવતો મહાકુંભ ચાલી રહ્યો છે, જ્યાં આગામી મહાશિવરાત્રિ સુધી દેશ-દુનિયાના શ્રદ્ધાળુઓ ગંગા મૈયા, યમુનાજી અને સરસ્વતીજીના ત્રિવેણી સંગમમાં ડુબકી લગાવીને પુણ્ય કમાવા આવી રહ્યાં છે. કરોડો દેવી-દેવતાઓ અને ભગવાનના વિવિધ સ્વરૂપો તથા અનેક સંપ્રદાયોને સમાવતા સનાતન હિન્દુધર્મનો આ મહાકુંભ આધ્યાત્મ અને આત્મકથાનું દુર્લભ પર્વ છે. ગુજરાતમાંથી પ્રયાગરાજ તરફ જતી તમામ ટ્રેનોમાં બુકીંગ થઈ ગયું છે, ત્યારે ગુજરાત સરકાર અને પ્રવાસન નિગમે સસ્તા ભાડામાં પ્રયાગરાજની યાત્રા માટે વોલ્વો બસોનું જે આયોજન જાહેર કર્યું છે, તેમાં પણ વધારો કરવો પડશે અને દરરોજની એક બસ પૂરી નહીં પડે, તેમ જણાય છે. જો કે, આ પ્રયોગ સફળ રહ્યો તો ગુજરાતનું એસ.ટી. કોર્પોરેશન ભવિષ્યમાં પણ જુદા-જુદા મોટા પ્રસંગોમાં આંતરરાજ્ય ટૂર પેકેજનું પ્રવાસન નિગમ સાથે મળીને આયોજન કરશે, અને તેના કારણે રાજ્યના આંતરરાજ્ય પ્રવાસન (ટુરીઝમ) ને વેગ મળશે અને રાજ્યના પ્રવાસીઓ, યાત્રિકોને પણ ઘર આંગણેથી સુવિધા મળી રહેશે. પ્રયાગરાજ જવા માટે જો એસ.ટી. દ્વારા રિટર્ન બુકીંગ આધારિત બસો પ્રત્યેક જિલ્લા મથકેથી પણ અર્ધ સાપ્તાહિક કે દૈનિક ધોરણે શરૂ કરશે, તો મહાકુંભ ચાલે છે, ત્યાં સુધી તેમાં પણ ભરપૂર ટ્રાફિક મળી રહે, તેવી સંભાવના છે.

આવતીકાલે નાગરિક ધર્મ બજાવવાનું પર્વ પણ છે. આપણો દેશ વર્ષ-૧૯૪૭ માં આઝાદ ગયો, અને લોકોના હાથમાં વાસ્તવિક સત્તા ભલે વર્ષ-૧૯૫૨ ની પ્રથમ સંસદીય ચૂંટણીઓ પછી આવી હોય, પરંતુ વિધિવત રીતે લેખિત બંધારણ સ્વીકારીને ભારત જે રિપબ્લિક નેશન એટલે કે, પ્રજાસત્તાક રાષ્ટ્ર વર્ષ-૧૯૫૦ ની ૨૬મી જાન્યુઆરીના દિવસે જ જાહેર કરી દેવાયું હતું, તેથી ૨૬મી જાન્યુઆરીથી સત્તા મળવાની સાથે-સાથે આપણા શિરે નાગરિક ધર્મ બજાવવાની જવાબદારી પણ આવી હતી. જે આજપર્યંત આપણે નિભાવતા રહ્યાં છીએ. આપણો દેશ આઝાદ થયો, ત્યારથી આજ સુધી અનેક આફતો આવી, યુદ્ધો થયા, કુદરતી આફતો તથા કૃત્રિમ મુશ્કેલીઓ, દુર્ઘટનાઓ તથા હિંસક તોફાનોથી લઈને આંતકવાદી હૂમલાઓ સુધીના પડકારો આવ્યા. લોકતાંત્રિક ઢબે સત્તા

અનુસંધાન પૃષ્ઠ (૪) પર

ગરીબી મેં ભી ન જુકને દિયા હમને કભી ઈમાન કા પરચમ

પ્રજાસત્તાક પર્વઃ તિરંગા બેચને કા કામ કરતે હૈ હમ...

(તસ્વીરઃ નિર્મલ કારીયા)

ઠર ઘર તિરંગા અભિયાનથી દેશ પ્રેમ અભિવ્યક્ત કરતા દેશમાં લાખો બાળકો બાળમજૂરીમાં ધકેલાયેલા છે અને ગરીબીને કારણે શિક્ષણથી વંચિત છે ત્યારે સ્વતંત્રતા દિન અને પ્રજાસત્તાક દિન પર પ્રાસંગિક દેશપ્રેમમાં ઓતપ્રોત રહેનારી પ્રજાને રસ્તા પર તિરંગા નું વેચાણ કરી રહેલ સગીરની આ તસ્વીર કટાક્ષમાં ઘણું બધુ કહી જાય છે. ભ્રષ્ટ સિસ્ટમમાં પ્રજાસત્તાક પર્વની ઉજવણી પર ઠેર ઠેર તિરંગાને સલામી આપનારા નેતાઓ કે અધિકારીઓ દેશપ્રેમી હોવાનો દેખાડો કરતા હોય અને તેઓ જ ગેરરીતી કે સત્તાનાં દુરુપયોગ વડે દેશ સાથે પરોક્ષ ગદ્દારી કરતા હોય છે પરંતુ શિક્ષણથી વંચિત અને સ્કૂલમાં ધ્વજવંદનમાં ભાગ ન લઇ શકનારા ગરીબ બાળકો રસ્તા પર બે ત્રણ દિવસ તિરંગા નું વેચાણ કરી ગરીબીમાં થોડીક રાહત કમાતા હોય છે. આઝાદ અને પ્રજાસત્તાક ભારતની આ બંને બાબતો કેટલી વિસંગત હોવા છતાં સત્ય છે.

ગુજરાતના ૯ પોલીસ અધિકારી-કર્મચારીઓ સહિત

પ્રજાસત્તાક દિને ૯૪૨ સુરક્ષાકર્મીઓને રાષ્ટ્રપતિ પદક

નવી દિલ્હી તા. ૨૫: આવતીકાલે પ્રજાસત્તાક પર્વની ઉજવણી થઈ રહી છે, ત્યારે સુરક્ષા અને સુધાર દોત્રોના ૯૪૨ રાષ્ટ્રપતિ પદકોની જાહેરાત કરવામાં આવી છે.

પ્રજાસત્તાક દિન ૨૦૨૫ ના અવસર પર પોલીસ, ફાયર, હોમગાર્ડ અને નાગરિક સુરક્ષા અને સુધાર સેવાઓના ૯૪૨ કર્મચારીઓને વીરતા/સેવા પદકથી સન્માનિત કરવામાં આવશે. તેમાં ૯૫ જવાનોને વીરતા પદક, ૧૦૧ ને સ્પેશિયલ સર્વિસ માટે રાષ્ટ્રપતિ પદક, ૭૪૬ ને સરાહનીય સેવા માટે પદક આપવામાં આવશે.

તે ઉપરાંત ગુજરાતના ૯ પોલીસ અધિકારી અને જવાનોને રાષ્ટ્રપતિ પદકથી સન્માનિત કરાશે. તેમાં પોલીસ અધિકારીઓને તેમની પ્રશંસનીય સેવાઓ બદલ બોર્ડર રેન્જ આઈજી ચિરાગ કોરડ, આઈપીએસ નિલેશ જાજડિયા, અશોક પાંડોર, કોન્સ્ટેબલ દેવદાસ બારડ, સુરેન્દ્રસિંહ યાદવ, હિરેન વરણવા, પટેલ અને હેડ કોન્સ્ટેબલ મુકેશ નેગી તેમજ હેમાંગ મોદી સહિતના તમામ ૯ પોલીસ કર્મીઓનો સમાવેશ થાય છે. આવતીકાલે ૨૬ જાન્યુઆરીના ૭૬ મા પ્રજાસત્તાક દિવસની ઉજવણી થઈ રહી છે. આ દિવસે શ્રેષ્ઠ કામગીરી કરનારા અને બહાદૂરી દાખવનારા નાગરિક તેમજ પોલીસકર્મી કે પછી જવાન તમામનું ચંદ્રક આપી સન્માન કરવામાં આવે છે. પ્રજાસત્તાક દિવસે ગુજરાતના ૯ પોલીસકર્મીઓને ચંદ્રકથી સન્માનિત કરાવનારા નામોની યાદી જાહેર થઈ ગઈ છે. જેમાં સીપી કક્ષાના ૧, એએસપી હોદ્દો ધરાવનાર૧, આઈજી કક્ષાના ૧ અધિકારી, આઈપીએસ કક્ષાના ૨ અધિકારી, ૪ કોન્સ્ટેબલ અને ૨ હેડ કોન્સ્ટેબલનું સન્માન કરાશે.વીરતા પુરસ્કાર મેળવનાર જવાનોના નામોમાં છત્તીસગઢના ૧૧ પોલીસકર્મીઓ, ઓડિશાના ૬, ઉત્તરપ્રદેશના ૧૭ અને જમ્મુ-કાશ્મીર પોલીસના ૧૫ પોલીસકર્મીઓનો સમાવેશ થાય છે. બીએસએફના ૧ જવાન, સીઆરપીએફના ૧૯, એસએસબીના ૪, અને આસામ રાઈફલ્સના ૧ જવાનને વીરતા પુરસ્કાર આપવામાં આવશે. સાથે જ ઉત્તરપ્રદેશ ફાયર વિભાગ અને જમ્મુ-કાશ્મીર ફાયર વિભાગના ૧૬ સૈનિકોને પણ આ એવોર્ડથી સન્માનિત કરવામાં આવશે.

ડબુતર જાળી
BIRD NO ENTRY
Bird net Service & Spike Fitting
OM ENTERPRISE • Vinaybhai
Galaxy Cinema Road, Street No.2, Jamnagar
Mo. 96622 41432

સૌરાષ્ટ્રની સૌથી વિશ્વસનીય ટ્રાવેલ કંપની સાથે...
૦૭ દિવસ ૦૬ રાત્રી
₹84,500
દુબઈ
વીથ અબુધાબી
૦૫ નાઈટ ૦૪ સ્ટાર હોટલ, દુબઈ
૦૧ નાઈટ ૦૫ સ્ટાર હોટલ, અબુધાબી
22 Feb, 07 & 22 Mar, 03 & 24 April - 2025
• ફ્રીઝન એક્સીલેટ - ૧૧ અબાયાર
• બસ ૪ સાઈટસીઈંગ
• બ્રેકફાસ્ટ અને ડિનર
• વિઝા • ગુજરાતી ટુર મેનેજર
Festive HOLIDAYS
૧૧૦ - આર.કે. પ્રાઈમ, નાનામવા સર્કલ, સિલ્વર હાઈટ્સ બાજુમાં, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ
97378 77779 / 95745 77779

ડોનાલ્ડ ટ્રમ્પની 'અમેરિકા ફર્સ્ટ'ની નીતિ લાગુઃ વૈશ્વિક અસરો પડશે

ઝેલેન્સ્કીને ઝટકોઃ યુક્રેનને અમેરિકી સહાય બંધ!

વોશિંગ્ટન તા. ૨૫: ટ્રમ્પે યુક્રેનને આપવામાં આવતી નાણાકીય સહાય બંધ કરી દેતા ઝેલેસ્કીને ઝટકો લાગ્યો છે. યુદ્ધ વચ્ચે ટ્રમ્પનો મોટો નિર્ણય વિકાસથી લઈને લશ્કરી સહાય સુધી અનેક બાબતોને અસર કરશે.

સત્તામાં આવ્યા પછી ટ્રમ્પ એક પછી એક મોટા નિર્ણયો લઈ રહ્યા છે. તેમણે ઘણાં દેશો અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓને આપવામાં આવતી નાણાકીય સહાય બંધ કરી દીધી છે. આ સંદર્ભમાં તેમણે યુક્રેનને આપવામાં આવતી સહાય બંધ કરવાની પણ જાહેરાત કરી છે. ટ્રમ્પનો આ નિર્ણય યુક્રેન માટે મોટો ફટકો છે. સત્તામાં આવ્યા પછી યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ એક પછી એક મોટા નિર્ણયો લઈ રહ્યા છે.

અમેરિકાએ અન્ય દેશોને અપાતી મદદ બંધ કરી છે, તેમાં ઈઝરાયેલ અને ઈજિપ્તનો આમાં સમાવેશ નથી. એટલે કે આ દેશોને અમેરિકા તરફથી મદદ મળતી રહેશે. આ પગલું અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની 'અમેરિકા ફર્સ્ટ' નીતિને અનુરૂપ છે.

જો બાઈડેનના કાર્યકાળ દરમિયાન યુક્રેનને રશિયાનો સામનો કરવા માટે અબજો ડોલરના શસ્ત્રો મળ્યા હતાં. અમેરિકન મદદને કારણે યુક્રેન ઘણા દિવસો સુધી યુદ્ધમાં રહ્યું. અમેરિકાએ ૨૦૨૩ માં યુક્રેનને સહાય પૂરી પાડી હતી. ગયા વર્ષે કેટલી સહાય આપવામાં આવી હતી તેની માહિતી આ અહેવલમાં આપવામાં આવી નથી. યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રૂબિયોએ કહ્યું કે ૮૫ દિવસની અંદર તમામ વિદેશી સહાયની આંતરિક સમીક્ષાનો આદેશ આપવામાં આવ્યો છે.

ટ્રમ્પે અમેરિકાનો કાર્યભાર સંભાળતાની સાથે જ આખી દુનિયામાં અરાજકતા ફેલાઈ ગઈ, ટ્રમ્પ એક પછી એક જે નિર્ણયો લઈ રહ્યા છે તેની અસર સમગ્ર વિશ્વ પર પડી રહી છે. તેમના આ કઠિન અને મોટા નિર્ણયથી આખી દુનિયા ચોંકી ગઈ છે. તાજેતરમાં ટ્રમ્પે રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનને અલ્ટીમેટમ આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે યુક્રેન યુદ્ધનો અંત લાવવા માટે કરાર કરે નહીંતર તેની ભારે કિંમત ચૂકવવા તૈયાર રહે. ટ્રમ્પે સ્પષ્ટપણે કહ્યું કે જો પુતિન યુદ્ધ સમાપ્ત કરવાનો ઈનકાર કરે છે, તો રશિયા સામે પ્રતિબંધો લાદી શકાય છે.

તેમણે કહ્યું હતું કે, તેઓ યુક્રેન સાથેના યુદ્ધનો અંત લાવવા માટે શક્ય તેટલી વહેલી તકે રશિયાન રાષ્ટ્રપતિ પુતિનને મળવા માંગે છે. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે યુક્રેનિયન રાષ્ટ્રપતિ ઝેલેન્સકી યુદ્ધનો અંત લાવવા માટે સોદા માટે તૈયાર છે.

અમેરિકામાં સત્તા સંભાળતાની સાથે જ ટ્રમ્પે દેશથી વિદેશ સુધીની અમેરિકન નીતિઓમાં પરિવર્તનની વાત કરી, આમાં ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને હાંકી કાઢવા, બાળકોની નાગરિકતા રદ કરવા વગેરે જેવા ઘણાં નિર્ણયોનો સમાવેશ થાય છે. તેમણે ૨૦ જાન્યુઆરી યુએસ પાર્લામેન્ટ કેપિટોલ હિલ માં ૪૭ મા રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા હતાં. માત્ર થોડા કલાકોમાં તેમણે એક જ ઝાટકે જો બાઈડેનના ઘણાં નિર્ણયો ઉલટાવી દીધા.

મુંબઈના મલાડમાં ભીષણ આગ

ફાયર બ્રિગેડની ૩૦થી વધુ ગાડીઓ ઘટના સ્થળે

વિકરાળ આગમાં ૧૦૦ ગોડાઉન બળીને ખાખ

હજુ ઠંડીનો ચમકારો રહેશેઃ ૨૬ જાન્યુઆરી પછી ઠંડીનુ જોર વધશે

જાન્યુઆરીના અંતમાં માવઠાની આંબાલાલની આગાહી

અમદાવાદ તા. ૨૫: હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે રાજ્યમાં ફરી વરસાદ પડવાની આગાહી કરી છે ,જેમા જાન્યુઆરી મહિનાના અંતમાં વરસાદની આગાહી કરવામાં આવી છે,પૂર્વ ગુજરાત અને ઉત્તર ગુજરાતમાં વરસાદ પડી શકે છે તેવી આગાહી કરવામાં આવી છે,તો બીજી તરફ સાબરકાંઠા અને અરવલ્લીમાં કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી રહી છે તો પંચમહાલમાં વરસાદી છાંટા પડવાની શક્યતા સેવાઈ રહી છે.

અંબાલાલ પટેલની આગાહી છે કે મધ્ય ગુજરાતમાં પણ કમોસમી વરસાદ પડી શકે છે,ફેબ્રુઆરી બાદ ધીમેધીમે ઉનાળાની શરૂઆત થશે અને ૧૫ ફેબ્રુઆરી સુધીમાં હવામાનમાં પલટો આવશે અને ૧૯ ફેબ્રુઆરીથી ગરમી વધવાની શક્યતા રહેલી છે.

ઠંડી લગભગ ઉત્તર ગુજરાતના ભાગોમાં ૨૭ જાન્યુઆરી સુધી રહેવાની શક્યતા છે સાથે સાથે સવારના ભાગોમાં ઠંડી રહેવાની શક્યતાઓ પણ સેવાઈ રહી છે,૨૮ જાન્યુઆરીથી મધ્ય ગુજરાતના કેટલાક ભાગોમાં વાદળો આવી શકે છે તેમજ ૨૮ જાન્યુઆરીથી એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ દેશના ઉત્તરીય પ્રદેશોમાં આવશે અને ૩૦ અને ૩૧ જાન્યુઆરીમાં પણ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ દેશના ઉત્તરીય પ્રદેશોમાં આવવાની શક્યતા રહેશે.પવનના તોફાનો સાથે કમોસમી વરસાદ, કરા પડવા અને મેઘ ધર્જના થવાની પણ શક્યતાઓ સેવાઈ રહી છે,આ અરસામાં અને ફેબ્રુઆરી શરૂઆત સુધીમાં બંગાળ ઉપ સાગરમાં લો પ્રેસર સર્જાતા બંગાળ ઉપ સાગરનો ભેજ અને અરબી સમુદ્રના ભેજના કારણે મહારાષ્ટ્રના ભાગો, ગોવા નજીકના ભાગો, કમોસમી વરસાદની શક્યતા રહેશે.

ગુજરાતમાં છેલ્લા એક સપ્તાહથી ઠંડીનો અહેસાસ થઈ રહ્યો હતો અને સૌરાષ્ટ્ર કચ્છમાં શીત લહેર પણ ફરી વળી હતી પરંતુ મજબૂત વેસ્ટર્ન ડીસ્ટર્બન્સ આવતાની સાથે જ ગુજરાતના વાતાવરણમાં પલટો આવશે અને વરસાદની આગાહી કરવામાં આવી છે હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે જણાવ્યું છે કે શિયાળાની સિઝનનો પ્રથમ મજબૂત વેસ્ટન ડીસ્ટર્બન્સ દેશના ઉત્તરીય પર્વતીય વિસ્તારોમાં આવી રહ્યો છે. ત્યારે જેટ ધારા લીધે અને અને બંગાળના ભેજના કારણે અરબ સાગરના ભેજના કારણે કમોસમી વરસાદ કરા, પવનના તોફાનો દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં જમ્મુ કાશ્મીર હરિયાણા પંજાબ રાજસ્થાન દિલ્હી અને મધ્યપ્રદેશ સુધી અને ગુજરાતના કેટલાક ભાગો સુધી તેની અસર વર્તાશે.

અંબાલાલ પટેલે વધુમાં કહ્યું કે,૨૬ જાન્યુઆરી બાદ રાજ્યમાં ફરી ઠંડીનુ જોર વધશે સાથે સાથે,મધ્ય ગુજરાતમાં લઘુત્તમ તાપમાન ૧૫ ડિગ્રી રહેશે દક્ષિણ ગુજરાતમાં તાપમાન ૧૮ ડિગ્રી રહેશે તા ઉત્તર ગુજરાત,પંચમહાલમાં ૧૦ ડિગ્રીની નીચું તાપમાન રહેશે અને ઉતરાયણ અને આસપાસના સમયમાં વાતાવરણમાં પલટો આવવાની શક્યતા રહેલી છે.

અંક બંધ

પ્રજાસત્તાક પર્વ નિમિત્તે તા.૨૬-૦૧-૨૦૨૫ (સોમવાર)ના 'નોબત' દૈનિકનું પ્રકાશન બંધ રહેશે. સર્વે સંબંધિતોએ નોંધ લેવા વિનંતી.
- વ્યવસ્થાપક